રૂપાણી સરકારને ૫ વર્ષ નિમિત્તે ખુશાલી

અરવલ્લીના શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં સેવાસેતુ સહિત અનેક કાર્યક્રમોનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ગુજરાતમાં વિજયભાઈ રૂપાણીની સરકારને યશસ્વી ૫ વર્ષ પૂરાં થતાં તા.૧ થી ૯ ઑગષ્ટ સુધી વિવિધ સેવાલક્ષી કાર્યક્રમોનું આયોજન થયું છે. અરવલ્લી

જિલ્લામાં ઑગષ્ટ મહિના દરમ્યાન સેવાસેતુ કાર્યક્રમ યોજવાના હોવાથી વિભાગે તૈયારીઓ આરંભી છે. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ આધારકાર્ડ, જાતિના દાખલા, આવકના દાખલા તેમજ મા અમૃતમ્ કાર્ડ સહિતના દાખલાની સેવાઓ સ્થાનિક કક્ષાએ પૂરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના ૫ વર્ષ પૂરાં થતાં હોવાથી ઑગષ્ટ મહિનામાં સરકાર દ્વારા ૫ વર્ષ આપણી સરકારના સૌના સાથ, સૌના વિકાસના નેજા હેઠળ અનેક કાર્યક્રમો આયોજીત કરાયા છે. રાજ્ય કક્ષાના કાર્યક્રમોમાં દરરોજ અલગ અલગ દિવસની ઉજવણી કરવામાં આવશે અને તેમાં લોકો માટે જરૂરી એવી તમામ સવલત જેવી કે આધારકાર્ડ, જાતિના દાખલા, આવકના દાખલા, અમૃતમ કાર્ડ વગેરે એક જ સ્થળે મળી રહે તે પ્રકારે સેવાસેતુ કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. તા.૧ ઑગષ્ટ જ્ઞાનશક્તિ દિવસ, તા.૨ ઑગષ્ટ સંવેદના દિવસ જિલ્લાના નગરપાલિકા સહિતના વિસ્તારોમાં સંવેદના દિવસની ઉજવણી કરવામાં આવશે અને તેમાં પ્રજાને જરૂરીયાત મુજબના દાખલા સહિતના કામોનો તત્કાલ

નિકાલ કરવામાં આવશે. તા.૩ ઑગષ્ટ અન્નોત્સવ દિવસ, તા.૪ ઑગષ્ટ નારી ગૌરવ દિવસ, તા.૫ ઑગષ્ટ કિસાન સન્માન દિવસ, તા.૬ ઑગષ્ટ રોજગારી દિવસ, તા.૭ ઑગષ્ટ વિકાસ દિવસ, તા.૮ ઑગષ્ટ શહેરી જનસુખાકારી દિવસ અને તા.૯ ઑગષ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની વિવિધ સ્થળે ઉજવણી કરવામાં આવશે. સદીની સૌથી મોટી મહામારીમાં સરકાર જનતાની સાથે રહી તેની પણ રાજ્યની ભાજપ સરકારે ઉમદા નોંધ લીધી છે.

બાયડ પાલિકામાં સોમવારે સેવાસેતુ કાર્યક્રમ

બાયડ : બાયડ નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ તા.૨ ઑગષ્ટ, સોમવારે સવારે ૯-૦૦ થી ૫-૦૦ દરમ્યાન બાયડ નગરપાલિકામાં યોજાશે જેમાં મોટાભાગની અરજીઓનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. સેવાસેતુ કાર્યક્રમમાં આવક, ક્રિમેલીયર, મહેસૂલ, રેશનકાર્ડ, આધારકાર્ડ, મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના, સમાજ કલ્યાણ તથા આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળના વ્યક્તિગત લાભ, વિધવા સહાય અને વૃદ્ધ નિરાધાર સહાય યોજનાઓ, શહેરી ગરીબો માટે કૌશલ્યવર્ધક તાલીમ, સ્વરોજગાર કાર્યક્રમ, સખીમંડળ રચના, નગરપાલિકા કક્ષાની સેવાઓ જેમાં જન્મ-મરણના દાખલા, લગ્ન નોંધણી, ગુમાસ્તાધારા લાયસન્સ, આવકના દાખલા, આકારણીપત્રક, ભૂગર્ભ ગટર કનેક્શન, વોટર કનેક્શન, બેન્કની યોજનાઓ, મેડીકલ હેલ્થ અને યુ.જી.વી.સી.એલ.ની યોજનાઓનો લાભ મળે તે પ્રકારની યોજનાઓનો શક્ય હોય ત્યાં સુધી સ્થળ ઉપર લાભ અપાશે. અરજીઓમાં જરૂરી આધારપુરાવાસહ તા.૨ ઑગષ્ટના રોજ બપોરે ૨-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. સેવાસેતુ કાર્યક્રમનો બહોળી સંખ્યામાં લાભ લેવા બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ચીફ ઓફીસર સાવિબેન જી. સોનીએ નગરજનોને અપીલ કરી છે.

બાયડમાં ખુલ્લી ગટરમાં ગાય ખાબકી: જે.સી.બી.થી ગટર ખોદી ગાયને બહાર કાઢી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

બાયડના ગાબટ રોડ ઉપર ખુલ્લી ગટરમાં રખડતી ગાય ઓચિંતિ ખાબકી હતી. ગાયને બહાર કાઢવા માટે સ્થાનિક સેવાભાવિઓએ જે.સી.બી. બોલાવી ગટરને સમાંતર ખોદકામ કરી દોરડા વડે ગાયને બહાર કાઢી બચાવી લીધી હતી. ચોમાસા દરમ્યાન ખુલ્લી ગટરો રખડતાં પશુ તો ઠીક પરંતુ ક્યારેક નગરજનો માટે જોખમી બની શકે તેમ હોવાથી યોગ્ય રીતે ગટરનાં ઢાંકણાં લગાવવાની માંગ થઈ છે. ચોમાસાની સીઝન શરૂ થતાં પાલિકા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈનની સફાઈ અગાઉ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી પરંતુ કેટલાક વિસ્તારોમાં ગટર

સફાઈનું કામ કરનાર એજન્સી દ્વારા ગટરો ખુલ્લી મૂકી દેવામાં આવી છે તો કેટલાક વિસ્તારોમાં ગટરનાં ઢાંકણાં જ ન હોવાથી રખડતાં પશુ તેમજ સ્થાનિક પ્રજાજનો માટે ખુલ્લી ગટરો જોખમી બની છે. ગત રોજ બાયડના ગાબટ રોડ ઉપર આવેલા ટેલિફોન એક્ષ્ચેન્જ સામે વરસાદી પાણીના નિકાલ માટેની ખુલ્લી ગટરમાં ગાય ખાબકી હતી જેથી સ્થાનિકો દ્વારા તાબડતોબ ગાયને બહાર કાઢવાના પ્રયાસ કરવામાં આવ્યા પરંતુ ગટરમાંથી ગાય બહાર કાઢવી મુશ્કેલ બનતાં જે.સી.બી.ની મદદથી ખાડો ખોદી ગટરમાં ફસાયેલી ગાયને બહાર કાઢવામાં આવી હતી.

જન્મદિને વધામણી

જવલ નિકુંજપૂરી ગોસ્વામી
રડોદરા, તા.બાયડ

રામિયાબશરી ઈરફાનભાઈ સુથાર
મોડાસા

મહંમદઅહદ સમીરભાઈ
મનસૂરી, અડપોદરા,
તા.હિંમતનગર

જયન સુહાગભાઈ નાયક
નવા, તા.તલોદ

જીયા સુહાગભાઈ નાયક
નવા, તા.તલોદ

સંજયભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

વિરા વિપુલકુમાર પટેલ
ભેંસાવાડા, તા.ધનસુરા

હિતેષ પટેલ
(અધ્યક્ષ : ગુજરાત ભાજપ કિસાન મોરચો)
હિંમતનગર(નવા)

ભરતભાઈ વી. બારોટ
(જે.બી.બી.સાઉન્ડ એન્ડ ઈલેક્ટ્રીક-બાયડ)
બાયડગામ, જિ.અરવલ્લી

સિદ્ધ સંજયકુમાર નાયક
(શિવમ્ પાર્ક સોસાયટી)
બાયડ(સરડોઈ)

અરવલ્લી બીટીપી વોટ્સએપ ગૃપમાં મુસ્લિમોની લાગણી દુભાય તેવી પોસ્ટ : વિવાદ થવાના ભણકારા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લી જિલ્લામાં રાજકીય પક્ષના વિવિધ સક્રીય થયેલાં વોટ્સએપ ગૃપમાં ક્યારેક પાર્ટીના ગળામાં હાડકું ફસાય તેવી હરકતો થતી હોય છે. તાજેતરમાં જિલ્લાના બીટીપીના વોટ્સએપ ગૃપમાં કોઈએ ઈસ્લામ વિરોધી પોસ્ટ ફરતી કરતાં મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાઈ છે. મોડાસાના અગ્રણી સુલેમાન ખાનજીએ આ મુદ્દે ટ્વિટર દ્વારા બીટીપીના વરીષ્ઠ નેતા છોટુ વસાવાનું ધ્યાન દોરી ઈસ્લામ વિરોધી પોસ્ટ કરનાર સામે પગલાં ભરવા માટે રજૂઆત કરી છે. આ મુદ્દે યોગ્ય ઘટતું કરવામાં નહીં આવે તો વિવાદના ભણકારા છે.

સોશ્યલ મીડીયામાં વાયરલ થતા વિડીયો અને વાંધાજનક મેસેજના કારણે ક્યારેક સામાજીક શાંતિ જોખમાતી હોય છે. સરકાર દ્વારા વયમનસ્ય ફેલાવતા મેસેજ ઉપર કહેવાતી રોક લગાવાઈ છે જેથી ચોક્કસ તત્વો સોશ્યલ મીડીયામાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા હોય છે. અરવલ્લી જિલ્લામાં બીટીપીના એક વોટ્સએપ ગૃપમાં તાજેતરમાં કોઈએ ઈસ્લામ વિરોધી પોસ્ટ ફરતી કરતાં મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી. આ મુદ્દે વિવાદ વેગ પકડે અને શાંતિનો ભંગ થાય તે અગાઉ મોડાસાના અગ્રણીએ સોશ્યલ મીડીયામાં ફરતી કરાયેલા મેસેજના સ્ક્રીન શોર્ટ સાથે બીટીપી પાર્ટીના સર્વેસર્વા છોટુ વસાવાને ટ્વિટર ઉપર ટેગ કરી પગલાં ભરવા માટે ધ્યાન દોર્યું છે. સોશ્યલ મીડીયામાં નિયંત્રણ મૂકી સાયબર ક્રાઈમ દ્વારા વાંધાજનક વિડીયો તેમજ મેસેજ રોકવાનો પ્રયાસ કરવાની વાતો થઈ રહી છે ત્યારે મુસ્લિમોની લાગણી દુભાય તે રીતે ઈસ્લામ વિરોધી મેસેજ ફરતા થયા ત્યાં સુધી તંત્ર કેમ ઉંઘતું ઝડપાયું..?? તે જાગ્રત નાગરિકોને સમજાતું નથી.

ધનસુરા તાલુકા ભાજપ મહિલા મોરચામાં વિવિધ પદ પર નિમણુંક કરાઈ

ધનસુરા, તા. ૩૦

ધનસુરા તાલુકા ભાજપ મહિલા મોરચામાં વિવિધ પદ પર નિમણુંક કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે ઝાલા મધુબેન ભરતસિંહ જામઠા અને કોષાધ્યક્ષ તરીકે પ્રજાપતિ અંકિતાબેન જનકભાઈ શીકા અને કા. સભ્ય તરીકે પટેલ સુરેખાબેન ગીરીશભાઈ સહિત વિવિધ મહિલાઓની મહિલા મોરચામાં નિમણૂક કરવામાં આવી હતી ધનસુરા તાલુકા ભાજપ મહિલા મોરચામાં પ્રમુખ ઉપપ્રમુખ મહામંત્રી મંત્રી કોષાધ્યક્ષ અને કા.સભ્ય સહિત વિવિધ હોદ્દેદારોની નિમણૂક કરવામાં

આવી હતી આ અગાઉ ધનસુરા તાલુકામાં કિસાન મોરચા યુવા મોરચા બક્ષીપંચ મોરચા સહિત વિવિધ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી ત્યારે મહિલા મોરચામાં પણ વિવિધ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવતા અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

પેઢમાલા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

રાયગઢ, તા.૩૦

હિંમતનગર તાલુકાની પેઢમાલા પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના ઉત્સાહી શિક્ષકો દ્વારા શાળાના પટાંગણમાં ફોરેસ્ટ વિભાગના સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં આસોપલ, શેતુર, ગુલમહોર, અને લીમડા વગેરે વૃક્ષો વાવવામાં આવ્યા હતા. દરેક બાળકોને ઘર આંગણે વૃક્ષો વાવવા માટે છોડનું વિતરણ કરી વૃક્ષોને ઉછેરવા માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને ને સફળ બનાવવા પેઢમાલા પ્રાથમિક શાળાના આચાર્ય અનિરુદ્ધભાઈ પટેલ, શિક્ષક ચંદ્રકાંતભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, ગજેન્દ્રભાઈ માહીયાવંશી, રોહિતભાઈ ગોજા તેમજ સામાજિક કાર્યકર જુગલભાઈ જોશી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઈડર તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘમાં નવીન વરણી

ઈડર તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘમા નવિન વરણી સહિત જવાબદારી સોંપવામાં આવી જેમાં (૧) હર્ષદકુમાર ચીમનલાલ પટેલ (સી.આર.સી.- ચાંડપ) અધ્યક્ષ રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ઈડર (૨) સંજયભાઈ ડાહ્યાભાઈ પરમાર (રણાસણ પ્રાથમિક શાળા)- મંત્રી રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ઈડર (૩) ઉપેન્દ્રકુમાર જયંતીલાલ રાવલ(રાવોલ પ્રાથમિક શાળા)- કોષાધ્યક્ષ- રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષણિક મહાબંદર ઈડર. સૌ મિત્રોએ સ્વીકારેલ આ નવીન જવાબદારી બદલ રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ઈડરના સૌ કાર્યકર્તા બંધુઓ અને સૌ સારસ્વત મિત્રોએ આનંદની લાગણી અનુભવીએ છે.

પાલનપુરમાં 'સ્પા'ની આડમાં અનીતિનું ધામ ચલાવતા ૨ યુવકો રિમાન્ડ પર

પાલનપુર, તા. ૩૦

પાલનપુરમાં 'સ્પા' ના આડમાં ચાલતા કૂટણખાના પર ગતરોજ પોલીસે ડમી ગ્રાહક મોકલી રેડ કરી હતી. જેમાં ઝડપાયેલા ૨ યુવકોને પોલીસે કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જોકે, કોર્ટે ૧ દિવસમાં રિમાન્ડ મંજુર કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નેત્રામલી- નાના કોટડા માર્ગ ઉપર વૃક્ષ ધરાશયી થતાં બાઇક ચાલકનો અદ્‌ભૂત બચાવ

ઈડર-હિંમતનગર હાઈવે ઉપર આવેલા નેત્રામલી-નાના કોટડા ગામના માર્ગ ઉપર આવેલું ઘટાદાર વૃક્ષ બે-ત્રણ દિવસથી ઝરમર વરસી રહેલા વરસાદને કારણે જમીન દસ્ત થવા પામ્યું હતું. તે સમયવેળાએ નાના કોટડા તરફથી બાઈક ઉપર સવાર યુવાન પસાર થઈ રહ્યો હતો તે જ વખતે ઝાડ બાઈક ઉપર પડતાં બાઈક સવારને નાની સરખી ઈજાઓ થઈ હતી અને અદ્‌ભૂત બચાવ થયો હતો જ્યારે બાઈક ઝાડ નીચે દબાઈ જતાં નુકસાન થવા પામ્યું હતું.

ભિલોડા ગેસ્ટ હાઉસમાં તાલુકા કોંગ્રેસ કારોબારીની વિસ્તૃત બેઠક યોજાઈ

ભિલોડા,તા.૩૦

ભિલોડા ગેસ્ટ હાઉસમાં તાલુકા કોંગ્રેસ કારોબારીની વિસ્તૃત બેઠક યોજાઈ હતી. કોંગ્રેસનું સંગઠન વધુમાં વધુ મજબુત બનાવવા સંદર્ભે વિશેષ ભાર મુંકાયો હતો. કોટેઝ હોસ્પિટલમાં ફરજ બજાવતા કંદર્પ જેસીંગભાઈ પટેલ કોરોના વોરીયર્સનું પુર્વ પ્રમુખ, અરવલ્લી જીલ્લા પંચાયતના રાજેન્દ્રભાઈ પારઘીએ સન્માન કર્યું હતું. કોંગ્રેસનું સંગઠન મજબુત બનાવવા માટે ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, વનરાજભાઈ ડામોર, વનરાજસિંહ રાઠોડ, બલભદ્રસિંહ ચંપાવત, શુભેન્દ્રસિંહ સિસોદીયા,તુલસીભાઈ પાંડોર, કાંતીભાઈ હોથા, મુકેશભાઈ પટેલ, જયેશભાઈ ઠાકોર, અનિલભાઈ હડુલા, કોંગ્રેસના હોદ્દેદારો,કાર્યકરો,જીલ્લા પંચાયત,તાલુકા પંચાયત સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.વિધાનસભાની આવનાર વર્ષ - ૨૦૨૨ માં ચુંટણીને અનુલક્ષીને સંગઠન મજબુત બનાવવા આહ્વાન કર્યું હતું.

અરવલ્લી જીલ્લા પંચાયત,પુર્વ પ્રમુખ,રાજેન્દ્ર પારઘીએ જણાવ્યું હતું કે ભાજપના શાસનમાં કેન્દ્ર અને રાજ્યની સરકાર નિષ્ફળ નિવડી છે. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન સરકારની બેકાળજીથી ઓક્સિજન,રેમેડેસીવર સહિત દવાઓની અછતથી અનેક લોકોના મોત નિપજયા છે. ખેડુતોની હાલત પણ પડ્યા પર પાટુ માર્યું હોય તેવી થઈ ગઈ છે. ખેડુતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળતા નથી ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતોની આર્થિક કમર દિન-પ્રતિ-દિન તુટતી જાય છે. પેટ્રોલ,ડીઝલ, ગેસ સહિત જીવન જરૂરીયાત ચીજ-વસ્તુઓના ભાવ આસમાને હોય ગરીબ અને મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે.

જગદીશભાઈ એચ. પટેલ
(મા.શિ. : ન્યુ પીપલ્સ ઈન્ડીયા હાઈસ્કુલ)
(સ્વામિનાયરાણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

બિહારીભાઈ જે. પટેલ
(નિવૃત્ત આચાર્ય)
સાકરીયા, તા.મોડાસા

હાર્દિક પટેલ
બાયડ, જિ.અરવલ્લી

દિનેશભાઈ પટેલ
(વ્યુ નેટવર્ક-અમદાવાદ)
ગુંડાલ(અમદાવાદ)

જીતુભાઈ પી. શાહુ
(ઉભરાણ હાઈસ્કુલ)
(વિવેકાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

કાલીદાસ પટેલ
રેલકંપા, તા.બાયડ

સૌરભ આઈ. પટેલ
અમદાવાદ(બાયડ)

હિમીલ અતુલભાઈ પટેલ
(કબીર સેલ્યુલર-બાયડ)
(નારાયણનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

ખીલન મહેન્દ્રપ્રસાદ પટેલ,
ઈજનેર
મોડાસા(મેવડા),
જિ.અરવલ્લી